**ફોજદારી અપીલ નં.૬૯/૨૦૨૪**

**આંક–૫ ની અરજી લગત હુકમ**

એપેલન્ટ તરફે વિદ્ધાન વ.શ્રી ડી.એમ.પંચમતીયાને સાંભળ્યા. અરજી તથા સાથેના દસ્તાવેજો વંચાણે લીધા. અરજીની હકીકત ધ્યાને લેતાં એપેલન્ટ તરફેની રજુઆત સબંધેની એ મહત્વની હકીકત છે કે અપીલ ચાલવામાં સમય જાય તેમ છે. એપેલન્ટ સામેનો ગુનો નોન કોગ્નીઝેબલ છે. આ હકીકત ધ્યાનમાં લેતા તેમજ આરોપીને જે સજા કરવામાં આવેલ છે તે સજા ધ્યાનમાં લેતાં આરોપીની અપીલ ચાલતા દરમ્યાન વિદ્ધાન નીચેની અદાલતના સજાના હુકમને મોકુફ રાખવામાં આવે તો તે ન્યાયોચિત જણાય છે. તેથી નીચે મુજબ હુકમ ફરમાવું છું.

**–: હુ ક મ :–**

વિદ્ધાન ટ્રાયલ કોર્ટે ફોજદારી કેસ નંબર ૨૦૭૭/૨૦૨૩ ના કામે તા.૧૧/૯/૨૦૨૪ ના રોજ ફરમાવેલ સજાનો હુકમ નીચેની શરતોને આધીન મોકુફ રાખી એપેલન્ટ/આરોપીને અપીલ ચાલતા સમય દરમ્યાન જામીન ઉપર છોડવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

**શરતો :–**

(૧) આરોપી/એપેલન્ટે રૂા. ૨૫,૦૦૦/–( રૂપિયા પચીસ હજાર પુરા) ના સધ્ધર જામીન તેમજ તેટલી જ રકમના જાત મુચરકા આ અદાલતમાં રજુ કરવા.

(૨) આરોપી તથા જામીનદારે પોતાના રહેણાક તથા ધંધાના સરનામા અને મોબાઈલ નંબર/કોન્ટેક નંબર લેખીત પુરશીશથી જાહેર કરવા અને આ અદાલતની પરવાનગી વગર ફેરફાર કરવો નહી. જામીનદારે છ માસથી જુના ન હોય તેવા બે ફોટોગ્રાફસ જામીનખત આપતા સમયે રજુ કરવાના રહેશે.

(૩) આરોપી/એપેલન્ટે આ અદાલતની પરવાનગી સિવાય ગુજરાત રાજયની હદ છોડવી નહીં.

(૪) આરોપી/એપેલન્ટે હાલની અપીલની સુનાવણી જે તારીખે રાખવામાં આવે તે તારીખે અદાલતમાં જાતે તેમજ વિદ્વાન વકીલશ્રી સાથે અચુક હાજર થવાનું રહેશે.

(૫) આરોપી/એપેલન્ટ તરફથી અપીલની સુનાવણી દરમ્યાન કોઈ વિલંબ કરવામાં આવશે તો આ હુકમ રદ્દ કરી આરોપી/એપેલન્ટને કસ્ટડીમાં લેવાની કાર્યવાહી કરવામાં આવશે.

(૬) આરોપી/એપેલન્ટે તકરારી ચેકની રકમના ૨૦% રકમ આ અદાલતમાં તા. ૧૫–૧૦–૨૦૨૪ સુધીમા જમા કરાવવાની રહેશે.

આ હુકમની નકલ વિદ્વાન ટ્રાયલ કોર્ટને જાણ અર્થે મોકલવી.

આ હુકમ આજરોજ તા.૧૦ માહે ઓકટોબર સને ૨૦૨૪ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તારીખ :–૧૦/૧૦/૨૦૨૪
સ્થળ:– ખંભાળીયા.

(એસ.જી.મનસુરી)
ઈ.ચા. સેશન્સ જજ
દેવભૂમિ દ્વારકા, મું. ખંભાળીયા.